હસનનગરમાં રસોઈ બનાવતી મહિલા દાઝી જતાં સારવાર હેઠળ

હિંમતનગર, તા.૨૫

હિંમતનગરના હસનનગરમાં આવેલી નવી વસાહતમાં બુધવારે સવારે રસોઇ બનાવતી વેળાએ અચાનક પ્રાયમસ ફાટતા ૩૦ વર્ષીય મહિલા શરીરે ગંભીર રીતે દાઝી ગઇ હતી. દાઝી ગયેલ મહિલાને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ છે. જયાં આ મહિલા સિવિલના બર્ન્સરૂમમાં સારવાર હેઠળ છે. ઘટના અંગે સિવિલના તબીબે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટના અંગે પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર શહેરના હસનનગરમાં આવેલી નવી વસાહતના બી બ્લોકમાં અંજુમનબાનુ મજીદભાઇ સિપાઇ પરિવાર સાથે રહે છે. બુધવારે સવારે દસેક વાગ્યાના સુમારે આ મહિલા પ્રાયમસ પર પોતાના ઘરમાં રસોઇ બનાવી રહી હતી તે દરમિયાન અચાનક જ સળગતો પ્રાયમસ ફાટતા અંજુમનબાનુ શરીરે ગંભીર રીતે દાઝી ગઇ હતી. ગંભીર રીતે દાઝી ગયેલ મહિલાને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી બર્ન્સ વોર્ડમાં સિવિલના તબીબો દ્વારા સારવાર અપાઇ રહી છે. ઘટના અંગે સિવિલના તબીબ ર્ડા.દર્શનાબેન.કે.તબિયાડે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા હે.કો. તળજાભાઇ દેસાઇએ સિવિલ હોસ્પિટલમાં પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી માટે ૨૪ ઉમેદવારો મેદાનમાં

ઊંઝા, તા. ૨૫

એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતી ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની વર્તમાન કમિટીની મુદત પુરી થતાં આગામી તા. ૪-૩-૨૦૧૫ના રોજ યોજાનાર કુલ ૧૪ સભ્યોની ચૂંટણીમાં કુલ ૨૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. જેમાં ખેડૂતમત વિભાગમાં ૧૭ અને વેપારી મત વિભાગમાં ૭ ઉમેદવારો છે.

ઊંઝા બજાર સમિતિમાં ખેડૂત મત વિભાગના આઠ અને સહકારી ખરીદ વેચાણ મંડળી વિભાગમાં બે મળી કુલ ૪૭ ઉમેદવારોએ ઉમેદવારી પત્રકો ભર્યા હતા. જેમાં ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન ખેડૂત વિભાગમાંથી એક ઉમેદવારી પત્રક રદ થયું હતું. જ્યારે આજે ઉમેદવારી પરત ખેંચી લેવાની છેલ્લી તારીખે ખેડૂત મત વિભાગમાંથી ૨૦ ઉમેદવારોએ તથા વેપારી વિભાગમાંથી એક ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચતા હવે કુલ ૨૪ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે.

સહકારી ખરીદ વેચાણ મંડળીના મત વિભાગમાં બે સભ્યો માટે ફક્ત બે જ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જેથી આ બંને બેઠકો પરના ઉણેદવારો બજાર સમિતિના વર્તમાન ચેરમેન ગૌરાંગભાઈ નારાયણદાસ પટેલ અને શરદભાઈ રતિલાલ પટેલ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. ઊંઝા બજાર સમિતિના મતદારોની સંખ્યામાં વેપારી મત વિભાગમાં ખરીદ વેચાણ સહકારી મંડળીઓના ૩૪ મતદારો છે. આ વખતની ચૂંટણીમાં બજાર સલમિતિની વર્તમાન કમિટિમાં ખેડૂત મત વિભાગમાં આઠ સભ્યો પૈકી મોટાભાગના સભ્યોની બાદબાકી થઈ ગઈ છે. જેમાં બજાર સમિતિના વર્તમાન વાઈસ ચેરમેન અને પૂર્વ ચેરમેનનો સમાવેશ થાય છે. આર્થિક રીતે સંગીન સ્થિતિ ધરાવતી ઊંઝા બજાર સમિતિના ચેરમેન અને અધ્યક્ષનું પદ રાજ્યના કેબિનેટ પ્રધાનના દરજ્જા સમાન મનાય છે. ત્યારે આ ચૂંટણીમાં સત્તા પ્રાપ્ત કરવા મરણીયો જંગ ખેલાય તેવા એંધાણ જણાય છે. આ ચૂંટણીમાં બજાર સમિતિના વર્તમાન ચેરમેન અને તેમના સમર્થક ઉમેદવારો તેમજ ઊંઝા નગરપાલિકા સમર્થક ઉમેદવારો સામ સામે ખુલ્લંખુલ્લા મેદાને પડ્યા છે. આ ચૂંટણી પક્ષીય રીતે લડાતી નથી પરંતુ ભાજપની વિચાર સરણી ધરાવતા ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર થઈ રહી હોઈ ચૂંટણીનો માહોલ ભારે ગરમાયો છે.

ઉદ્યોગકારો માટે નિરાશાજનક બજેટ : દિનેશસિંહ ચાવડા

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભામાં રાજયના નાણામંત્રી સૌરભ પટેલ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માટે પ્રસ્તુત કરાયેલ બજેટ ઉદ્યોગકારો માટે મૌન છે, આ બજેટમાં નવી ઔદ્યોગિક પોલીસી કે પ્રોત્સાહક યોજનાઓના અમલીકરણમાં પરિસ્થિતિ શૂન્ય રહેવા પામે છે. આ બજેટમાં નાણામંત્રીએ નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના વિકાસ માટે ફાળવેલ રકમ રૂ. ૫૬૨ કરોડ એ વ્યકિતગત ઉદ્યોગપતિઓને આપવામાં આવેલ રાહતના પ્રમાણમાં નજીવી છે તેવું ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝના સેક્રેટરી દિનેશસિંહ ચાવડાનું માનવું છે.

દિનેશસિંહે અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ બજેટમાં વેટના ઘટાડા કે એક ટકો ઈનપુટ કેડીટ દૂર કરવા વિચાર સુધ્ધાં કરાયો નથી તેમજ જીએસટી અમલીકરણની દિશામાં પણ વાત કરાઈ નથી. માળખાકીય સુવિધાઓ વિનાની જીઆઈડીસીઓમાં ખાલી પડી રહેલા પ્લોટો અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી તેમજ કેન્દ્રમાં સરકાર ભાજપની જ હોવા છતાં સધર્ન-ઈસ્ટર્ન કોલીયરીઝમાંથી ફાળવાતા કોલસાને બદલે સધર્ન વેસ્ટર્ન કોલીયરીઝમાંથી ફાળવણી કરાવી ઉર્જા દરોમાં ઘટાડો કરવાની બાબત સામેલ કરાઈ નથી.

શબ્દાવલી - ૫૬૫૪



આડી ચાવી

૧. કંકુ રાખવાનું પાત્ર (૪)
૪. સફેદ, ધોળુ, પવિત્ર (૩)
૭. કાગડાને કહેવાય (૨)
૮. હનુમાનજી (૫)
૧૦. ઝગડાની પતાવટ કરનાર (૩)
૧૨. સહકાર, મદદ (૪)
૧૬. લાંબુ, વસ્ત્ર (૨)
૧૭. પડદો, આવરણ (૩)
૧૮. મુસ્કુરાહટ, સ્માઇલ (૨)
૨૦. મડદાને સ્મશાન લઇ જનાર (૨)
૨૧. લાફો, ઝાપટ (૩)
૨૩. પાઠ ભણાવવો, શિક્ષા(૩)
૨૪. હોંશિયાર, કુશળ (૩)

ઊભી ચાવી

૧. હાડપિંજર (૩)
૨. શ્રાદ્ધમાં કાગડાને... નંખાય (૪)
૩. બક્ષિસ, ભેટ (૨)
૪. સંપત્તિ, મિલ્કત (૨)
૫. પૃથ્વી, જમીન (૩)
૬. ખરાબ અસર, ટેવ (૨)
૯. વધારાની ખાસ પૂર્તિ (૩)
૧૧. વજ્ર બનાવવા પોતાના હાડકાં આપનાર ઋષિ (૩)
૧૩. મિત્ર, દોસ્ત (૨)
૧૪. ફૅશન કરે તેવું, આધુનિક(૫)
૧૫. ઘાયલ, તરફડતું (૩)
૧૭. દૂર, છેટુ (૨)
૧૯. શોધખોળ (૩)
૨૦. મોં (ચીડમાં બોલવા) મુખ (૨)
૨૨. ન્હાવાનું પહોળું વાસણ(૨)

શબ્દાવલી ૫૬૫૩ના જવાબ

આડી ચાવી :- (૧) સબરસ (૪) સરસ (૭) ખેડ (૮) માતમ (૯) કરા (૧૦) કતાર (૧૩) તાકા (૧૪) બસેરા (૧૬) મગ (૧૯) જામ (૨૧) ગજા (૨૩) હીના (૨૫) ગજાનન (૨૭) લગન (૨૮) રગ

ઊભી ચાવી :- (૧) સરકસ (૨) રખે (૩) સડક (૪) સમારકામ (૫) રત (૬) સમધન (૧૧) તાતા (૧૨) પાસે (૧૫) રાજા (૧૭) ગગન (૧૮) શાહીલ (૨૦) મગર (૨૨) જાનકી (૨૪) નાગ (૨૬) જાગ

પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલમાં સુવર્ણ જયંતીની ધામધૂમથી ઉજવણી

ત્રિદિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમો યોજાશે

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે અવરઓન હાઈસ્કૂલ

શૈક્ષણિક સંસ્થાના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સંસ્થા દ્વારા સુવર્ણ જયંતિ પ્રસંગનું સાસ્કૃતિક કાર્યક્રમોનું ત્રિદિવસીય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં સુવર્ણ જયંતિ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલમાં સુવર્ણ જયંતીની ભવ્ય ઉજવણી પ્રસંગે વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કે.જી. થી માંડી આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક પ્રોગ્રામોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને નાટક, ગીત, ગરબા ડાન્સ સહિત પ્રોગ્રામો યોજી આવેલ મહેમાનો તથા વાલીગણ તથા પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. જ્યારે આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સંસ્થાના મંત્રી રહિશભાઈ કરબાતી, નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, ન.પૂ. પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, અરવિંદભાઈ કોઠારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ત્રણ દિવસ ચાલનાર પ્રોગ્રામ થકી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી ૫૦ વર્ષ સુવર્ણ જયંતીમાં ચાર ચાંદ લાગી ગયા હતા જ્યારે સમગ્ર સફળ કાર્યક્રમનું સફળ સંચાલન પવનબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સ્થિત પંજાબ હોન્ડાઈના શૉ-રૂમ ખાતે ન્યુ-વરના કારનું લોન્ચિંગ કંપનીના ડિરેક્ટર દેવેન્દ્રસિંગ બગ્ગા, રીજીયોનલ મેનેજર અનિલ ગોંડાલ અને એરીયા સેલ્સ મેનેજર ગૌરવ ચૌહાણ નજરે પડે છે. જ્યારે બીજી તસવીરમાં ગાંધીનગર બ્રાન્ચને સતત ત્રીજા વર્ષે બેસ્ટ સેલર એવૉર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે આઈસીઆઈસીઆઈ બેન્કના પિનાકીન શાહ અને પંજાબ હોન્ડાઈના જનરલ મેનેજર ધર્મેશ શાહ એવૉર્ડ સાથે નજરે પડે છે.

માલપુરના મોરલી ગામમાંથી ૧૦ ઘેટા અને મોડાસા ઈંટાડીમાંથી એક બકરાની તસ્કરી

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં પશુઓની તસ્કરી કરતી ગેંગ ટોળકી ફરીથી સક્રિય થતાં જિલ્લાના

માલધારીઓ અને પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે. એક દિવસ પહેલા માલપુરના મોરલીની સીમમાંથી ૧૦ ઘેટા-બકરાં અને મોડાસાના ઈંટાડી ગામમાંથી ૧ બકરાની ચોરી કરતાં જિલ્લાના લોકોમાં તસ્કર ગેંગથી ફફડાટ ફેલાયો છે.

માલપુર તાલુકાના મોરલીની સીમમાં ઘેટા-બકરાનો પથારો નાખીને પડેલા અને રાજસ્થાનના શિરોહી જિલ્લાના લખાભાઈ સગાભાઈ રબારી અને તેમના સંબંધી માલધારીઓએ પોતાના ધણ સાથે એક દિવસ અગાઉ પથારો નાખ્યો હતો. ત્યારે તેમના પથારા પર એક દિવસ પહેલા ખાનગી જીપડાલુ લઈને ૮ જેટલા બુકાનીધારી શખ્સો પશુચોરી કરવા માટે આવી માલધારીઓના ઘેટા બકરા રાખવા બનાવેલા વરંડામાંથી ઘેટા-બકરાને ઉઠાવી તેમના જીપડાલામાં નાખી રહ્યા હતા ત્યારે માલધારીઓને જાણ થતાં પશુચોરોને પકડવા તેમની સામે બાથ ભીડી હતી. ત્યારે પશુચોરોએ માલધારીઓને ડરાવવા એક બકરાનું માથુ કાપી નાખ્યુ હતુ તેમ છતાં હિંમત હાર્યા વગર માલધારીઓએ બુકાનીધારી પશુચોરોનો સામનો કરી પશુચોરો પૈકી શનાભાઈ ભુરાભાઈ પરમાર અને કાન્તી કરશનભાઈ પરમાર (રહે. બોરગામ તા. વિરપુર, જી. મહિસાગર)ને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય બુકાનીધારી પશુચોરો જીપડાલામાં ૧૦ ઘેટા ઉઠાવી ફરાર થઈ ગયા હતા. મોરલીની આવ્યા હતા અનેપકડાયેલા બન્ને પશુચોરોને માલધારીઓએ અધમુઆ કરી નાખતા માલપુર સરકારી હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. માલપુર પોલીસે આ પશુચોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોડાસા તાલુકાના ઈટાડી ગામમાં ગઈકાલે રાત્રે જશુભાઈ મોંઘાભાઈ મકવાણાના ઘર આગળ બાંધેલી બકરીને પશુચોરો ઉપાડી જતા ઈટાડી ગામમાં બુમાબુમ મચી ગઈ હતી. જ્યારે જશુભાઈ મકવાણાની બકરી ચોરી થવાથી ગામલોકો સજાગ બની ગયા હતા. ઉદયસીંહ પરમારના જણાવ્યા અનુસાર એક દિવસ પહેલા માલપુરમાંથી ૧૦ જેટલા ઘેટા ચોરાતા અને ઈટાડી ગામમાંથી બકરાની તસ્કરી થતાં અરવલ્લી જિલ્લાના માલધારીઓ અને પશુપાલકોમાં ગભરાટ ફેલાયો છે. ઉપરાંત પશુપાલન ઉપર નભતા પરિવારો પર પશુઓની ચોરી થતાં આભ તુટી પડે છે. ત્યારે પશુની તસ્કરી કરતી ગેંગને અરવલ્લી જિલ્લા પોલીસ તાત્કાલિક ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દે તો અરવલ્લી જિલ્લાના પ્રજાજનોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે.

જિલ્લામાં ૧૦,૧૭૭ બાળકો કુપોષણથી પીડીત

ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોને પોષણ પુરું પાડવા ઘનિષ્ટ પોષણ અભિયાન હાથ ધરાયું

ગાંધીનગર, તા.૨૫

જિલ્લામાં કુપોષણથી પીડાતા ઓછા અને અતિ ઓછા વજનવાળા ૧૦,૧૭૭ બાળકો છે. ઉંમરના પ્રમાણમાં ઓછું વજન ધરાવતા બાળકોને કુપોષણમાંથી ઉગારવા ઘનિષ્ઠ પોષણ અભિયાન ઉપરાંત ધન્વંતરી પાયલોટ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. અતિ ઓછા વજનવાળા બાળકોને અધિકારીઓ દ્વારા દત્તક પણ લેવાશે.

વિધાનસભા ગૃહમાં આજે યોજાયેલી તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન વિરમગામના ડૉ. તેજશ્રીબેન

વિધાનસભામાં ગાંધીનગર
- ધનંજય જોષી

પટેલે મહીલા અને બાળ કલ્યાણ મંત્રીને કુપોષણથી પીડાતા બાળકો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં ૧૦,૧૭૭ બાળકો ઓછા અને અતિ ઓછા વજનવાળા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ઓછા અને અતિ ઓછા વજનવાળા ૩૬૫૮, દહેગામ તાલુકામાં ૨૨૧૮ કલોલ તાલુકામાં ૩૨૮૧ અને માણસા તાલુકામાં આવા બાળકોની સંખ્યા ૧૦૨૦ જેટલી છે. બાળકોમાં કુપોષણની સમસ્યા નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજય સરકાર દ્વારા ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. આંગણવાડી કેન્દ્ર પર રાબ-સુખડી બનાવી આપવામાં આવે છે. ગરમ નાસ્તો ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે. મિશન બલમ સુખમ અન્વયે બાળ શકિત કેન્દ્ર અને સંજીવની કેન્દ્ર દ્વારા પોષણ અને આરોગ્યલક્ષી સેવા પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત વાલીઓને પણ પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે. આગામી સમયમાં બાળકોને કુપોષણમાંથી મુકત કરવા દહેગામ તાલુકામાં ધન્વંતરી પાયલોટ પ્રોજેકટ, કલોલ તાલુકામાં પીડીયારયોર પાવડર, માણસા તાલુકામાં ઈડીપી તેમજ કુપોષિત બાળકો માટે ઘનિષ્ટ પોષણ અભિયાન શરુ કરવામાં આવશે. આ ઉપરાંત અતિ ઓછા વજનવાળા બાળકોને અધિકારીઓ દ્વારા દત્તક લેવામાં આવશે. તેમ પણ જણાવાયું છે.

ખાદ્યપદાર્થમાં ૩૯ કિસ્સામાં ભેળસેળ માલુમ પડી

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે આરોગ્યમંત્રીને પુછેલા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગેના પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં વિવિધ ઠેકાણે દરોડાના આધારે ૪૪૨ કેસ નોંધવામાં આવ્યા છે. જયારે ખાદ્ય પદાર્થોના આ નમૂનાઓ પૈકી ૩૯ કીસ્સામાં ભેળસેળ હોવાનું માલુમ પડયું છે. આ પૈકી ૬ કિસ્સાઓમાં નમૂનાઓ અનસેફ હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. ભેળસેળ યુકત નમૂનાઓ અન્વયે અનસેફ જાહેર થયેલા ૫ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ૧૯ કીસ્સામાં સંબંધિત ઓફિસર સમક્ષ દંડની કાર્યવાહી માટે દાખલ કરવામાં આવ્યા છે. અન્ય ૪ કિસ્સામાં ક્રિમિનલ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

સ્વાઈનફ્લુના ટેસ્ટ માટે ગાંધીનગરમાં લેબોરેટરી નવી બને

રાજયમાં સ્વાઈન ફલુના રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. વિધાનસભા ગૃહની પ્રશ્નોત્તરી દરમિયાન પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુના ટેસ્ટ માટે લેબોરેટરી ઉપલબ્ધ છે કે નહીં તે અંગે અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીએ આરોગ્યમંત્રીને પ્રશ્ન પૂછયો હતો. જો કે આ મામલે અમદાવાદ ખાતે લેબોરેટરી હોવાથી ગાંધીનગરમાં આ અંગે કોઈ આયોજન ન હોવાનું ઉત્તરમાં જણાવાયું હતું. જયારે ભાવનગરમાં આ અંગે વ્યવસ્થા ઉપલબધ કરવાનું વિચારણા હેઠળ હોવાનું પણ જણાવાયું છે.

ત્રણ વર્ષમાં રસ્તાના ૩૧ કામોને મંજુરી

છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લામાં ૩૧ રસ્તાઓના રીસરફેસીંગ માટે મંજુરી આપવામાં આવી છે. આ પૈકી ૧૨ રસ્તાઓનું કામ પૂર્ણ કરી દેવાયું હોવાનું પણ કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીએ જણાવ્યું છે. જયારે અન્ય બાકી રસ્તાના કામો હાથ ધરવા વહીવટી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત માણસાના ધારાસભ્ય અમિત ચૌધરીના પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીના જણાવ્યા મુજબ માણસા તાલુકાના ૭૧ ગામોના ૫૮ રસ્તાઓ અને કલોલ તાલુકાના ૪૭ ગામોના ૩૪ રસ્તાઓના કામની દરખાસ્ત સંદર્ભે ૨૫ રસ્તાઓનું કામ હાથ ધરાયું છે.

કુપોષણ, કેન્સર અને સ્વાઈન ફલુના મુદ્દે દેકારો

વિધાનસભા ગૃહની કાર્યવાહીના પ્રારંભે તારાંકિત પ્રશ્નોત્તરીમાં આજે મુખ્યત્વે આરોગ્ય વિભાગને સંબંધિત પ્રશ્નો પુછાયા હતા જેમાં કુપોષણ કેન્સર અને સ્વાઈન ફલુના મુદ્દે પણ દેકારો મચ્યો હતો.

ડભોડા ગામના ૪૦૦ યાત્રાળુ ગંગાસ્નાન માટે હરદ્વાર જવા રવાના

ગાંધીનગર રેલવે સ્ટેશને ધારાસભ્ય શંભુજી ઠાકોરે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામ સામાજિક કાર્યકર બાબુજી

એન. ઠાકોર આયોજિત સતત ૧૨મા વર્ષે હરિદ્વાર યાત્રાનું પ્રસ્થાન કરાયું હતું. આ યાત્રામાં વિધવા, નિઃસહાય વડીલો સહિતના ૪૦૦ થી વધુ યાત્રાળુ યાત્રામાં જોડાયા હતા.

આ પ્રસંગે ડભોડા હનુમાનજી મંદિરથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ગાંધીનગર રેલવે સ્ટેશનથી આગેવાનો બાબુજી ઠાકોર, દિલિપભાઈ પટેલ, મનોજસિંહ ઠાકોર, ધારાસભ્ય શંભુજી ઠાકોર વગેરે દ્વારા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ યાત્રામાં ગંગાસ્થાનનું મહિમા હોવાથી પુણ્ય કમાવવાના હેતુથી યાત્રાનું આયોજન કરવામાં આવે છે. આમ યાત્રાના પ્રસ્થાન સમયે રેલવે સ્ટેશને ૪૦૦ યાત્રિકો સહિત મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. હરદ્વારયાત્રા બાબુજી ઠાકોર દ્વારા દર વર્ષે નિઃશુલ્ક કરાવવામાં આવે છે.

સેક્ટર-૭ ખાતે હોળી-ધૂળેટીના ગીતોની સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૭-એ વસાહત મંડળના સ્વયંસિદ્ધા મહિલા મંડળ દ્વારા હોળી-ધૂળેટી નિમિત્તે હોળી-ધૂળેટીના ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ વર્ષથી વધુ ઉંમરની તમામ બહેનો ભાગ લઈ શકશે.

સેક્ટર-૭ સ્વયંસિદ્ધા મહિલા મંડળ દ્વારા હોળી ધૂળેટીના ગીતોની સ્પર્ધા આગામી ૨જી માર્ચ સોમવાર સાંજે ૪ થી ૬ દરમિયાન સેક્ટર-૭-એ બગીચામાં યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બહેનોએ તા. ૨૮ માર્ચ સુધી વંદના પટેલ - ૯૭૨૪૮૮૬૯૭૬ તેમજ સરોજ સંતોકી - ૯૦૩૩૦૨૧૧૯૬ પર નામ નોંધાવવા નગરની બહેનોને જણાવવામાં આવ્યું છે.

જાહેર નિવિદા

માહિત કમિશનરની કચેરી, ગાંધીનગર હસ્તકના પ્રિન્ટરની ટોનર કાર્ટીજ રીફીલીંગ તથા ડ્રમ, બ્લેડ, સ્પન્જ, ચીપ વિ. ભાગોના ભાવ કરાર કરવા માટે ટુ બીડ પદ્ધતિથી ટેન્ડર બહાર પાડવામાં આવે છે. જે માહિતી ખાતાની હિસાબી શાખા, બ્લોક નં.૧૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી કામકાજના દિવસો દરમિયાન તા. ૧૮/૩/૨૦૧૫ સુધીમાં (બપોરે ૨.૦૦ વાગ્યા સુધી) રૂ. ૫૦૦/- રોકડા ચૂકવેથી મળી શકશે.

માહિતી/૨૫૦૭/૨૦૧૪-૧૫ — માહિતી કમિશનર

જાહેર નિવિદા

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં.૮, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉનાળાના ૪ માસ માટે એરકુલર નંગ-૪૦ ભાડે રાખવા માટે રસ ધરાવતી પેઢીઓ તરફથી એરકુલર મોડલ નંબર સહિત એક માસના ભાડાની કિંમત માટે તા. ૫-૩-૨૦૧૫ સુધીમાં ભાવપત્રક રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે.

કમિશનર
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૫૦૦/૨૦૧૪-૧૫

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે
હોસ્પિટલ માટે
- મેડીકલ ઓફીસર
- નર્સિંગ સ્ટાફ

શાશ્વત હોસ્પિટલ
પ્લોટ નં. ૧/૧, સેક્ટર-૩એ, ગાંધીનગર
Ph : 8141363323

Counsellor / Teacher
A Pre School in Sec-1, needs counsellor and Teachers. Flkuent in English, Dynamic, Fair
Mail : desai.malay@yahoo.com
(M) 9712651499